# ઈન્ફોસિટી સ્કૂલ દ્વારા વન્ડરલેન્ડની મુલાકાત




ઈન્ફોસિટી સ્કૂલના ગુજરાતી અને અંગ્રેજી માધ્યમના ધોરણ-૬થી ૯ના વિદ્યાર્થીઓએ વન્ડરલેન્ડ સ્નોપાર્કની મુલાકાત લીધી હતી અને વિવિધ રાઈડ્સ, ઈનડોર ગેમ્સની મજા માણી હતી. શિક્ષકોએ પણ વિદ્યાર્થીઓ સાથે રમતો રમીને આનંદ મેળવ્યો હતો, અર્પણ કર્યો હતો.

# વિદ્યાર્થીઓ દ્વારા વૃધ્ધાશ્રમની મુલાકાત લેવાઈ



સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી આર એન પટેલ પ્રાથમિક શાળાના ધોરણ-૩થી ૮ના વિદ્યાર્થીઓએ સામાજિક પ્રવૃત્તિના ભાગરૂપે કૈલાસધામ વૃધ્ધાશ્રમની મુલાકાત લીધી હતી.

વિદ્યાર્થીઓએ વૃધ્ધો સાથે સમય પસાર કર્યો હતો અને વક્તવ્ય, ગીત, સમૂહગીત, નાટક જેવા સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કર્યા હતા. તેમણે વડીલો સાથે પરિચય કેળવીને તેમની સાથે અવનવી વાતો પણ માંડી હતી.

વિદ્યાર્થીઓ અને શાળાના સ્ટાફ તરફથી વૃધ્ધાશ્રમને દાન પેટે રૂા. ૫૦૦૧ અને સૂકા મેવાના પેકેટ્સનું વિતરણ કરવામાં આવ્યું હતું. શાળાના સુપરવાઈઝર અશોકભાઈ પટેલ, શિક્ષક નીરવભાઈ પટેલ દ્વારા પ્રેરક વક્તવ્ય આપવામાં આવ્યું હતું.

વૃધ્ધાશ્રમની મુલાકાત બાદ વિદ્યાર્થીઓને અંબોડની મુલાકાતે પણ લઈ જવામાં આવ્યા હતા.

# શ્રી જલિયાણ સેવા ગૃપ દ્વારા બાળકોને પ્રસાદભોજન અર્પણ

ગાંધીનગર, તા. ૬

શ્રી જલિયાણ સેવા ગૃપ દ્વારા શ્રી જલારામ બાપાના જીવનમંત્ર 'જ્યાં ટૂકડો ત્યાં હરિ ઢૂકડો'નું અનુસરણ કરતાં સ્પેશિયલ ચિલ્ડ્રન હોમ, ગાંધીનગર ખાતે શ્રી જલારામ બાપાની ૧૩૮મી પુણ્યતિથિ નિમિત્તો બાળકો માટે ભોજનપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું હતું. ૪૦થી વધુ બાળકોને જલારામબાપાના પ્રસાદ સમ ભોજન કરાવવામાં આવ્યું હતું.

વૈદિક પરિવારના મહેન્દ્રભાઈ ગાંધી, જાણીતા પત્રકાર કિશોરભાઈ અંજારીયા, વિરમગામથી ખાસ પધારેલ શિક્ષક તુષારભાઈ સેજપાલ, નીરૂબેન પટેલ દ્વારા પ્રેરણાદાયી ઉદ્‌બોધન કરવામાં આવ્યું હતું. શ્રી જલિયાણ સેવા ગૃપના સભ્ય અમીતભાઈ હાલાણી, જિતેન્દ્રભાઈ ઠક્કર, સંજયભાઈ ખખ્ખર દ્વારા સહયોગ પૂરો પાડવામાં આવ્યો હતો.

કાર્યક્રમમાં બાળકોનો ઉત્સાહ વધારવા વૈદિક પરિવારના અરવિંદ રાણા, દિનેશભાઈ પટેલ, એસ જે ફાર્માસ્યુટીકલના હિરેન જસાણી, પેથાપુરના દોલુભા સહિત સંસ્થાના નિલેષ પુજારા, પાર્થ ઠક્કર, જિજ્ઞેશભાઈ હાલાણી, ભાવના ઠક્કર ઉપસ્થિત રહ્યાં હતાં.

# કિશોર ક્લાસીસ દ્વારા યોજાયો એન્જોય યોર એક્ઝામ કાર્યક્રમ




ગાંધીનગર, તા. ૬

વિદ્યાર્થીઓ સારી રીતે બૉર્ડની પરીક્ષા આપી શકે તે માટે કિશોર ક્લાસીસ દ્વારા 'એન્જોય યૉર એક્ઝામ' કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. ૩૦૦ જેટલા વિદ્યાર્થીઓએ આ કાર્યક્રમમાં ભાગ લીધો હતો. જાણીતાં વક્તા અને મોટીવેશનલ ટ્રેનર પ્રિયંકા જૈન રાવલે આ વિષયે વિદ્યાર્થીઓને પ્રેરક પ્રવચન આપ્યું હતું.

કિશોર ક્લાસીસના શિક્ષક અજયભાઈએ પ્રારંભે કાર્યક્રમનો ઉદ્દેશ સ્પષ્ટ કર્યો હતો અને અંતે, આભાર દર્શન કર્યું હતું.

સંજય થોરાત, શુભમભાઈ, મૌલીનભાઈ, દિપરાજભાઈ, જયરાજભાઈ, અર્જુનભાઈ અને સંકેત ગોર દ્વારા કાર્યક્રમને સફળ બનાવવા સક્રિય સહયોગ પૂરો પાડવામાં આવ્યો હતો.




આરોગ્ય વિભાગ, ગુજરાત રાજ્ય, ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી, ગુજરાત તથા ગાંધીનગર જિલ્લા શાખઆ અને શ્રી પી કે ચૌધરી મહિલા આર્ટ્સ કૉલેજ, ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે મંગળવારે સિકલસેલ પ્રિવેન્શન કંટ્રોલ અને રિસર્ચ પ્રોગ્રામ અંતર્ગત કૉલેજ સંકુલમાં થેલેસેમિયા ટેસ્ટનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ૩૦૬ વિદ્યાર્થિનીઓને આવરી લેવામાં આવી હતી. રેડક્રૉસ તરફથી ડૉ. નિલેશભાઈ, રાહુલભાઈ, ભરતભાઈ શ્રીમાળી, કૉલેજ તરફથી એનએસએસ પ્રોગ્રામ ઑફિસર ડૉ. નરેન્દ્ર પટેલ, આચાર્ય ડૉ. એમ એમ ચૌધરીએ કાર્યક્રમને દીપાવ્યો હતો. રેડક્રૉસ જિલ્લા શાખાના જયેન્દ્રભાઈ પરીખ, મગનભાઈ, મિલિન્દ ગુપ્તે, નિલેન્દુભાઈ, ગોવિંદભાઈ, એમ એમ સોલંકી, હેમાંગ દોશી, ડૉ. હાર્દિક તલાટી અને જીલુભા ધાંધલ આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું સંચાલન અશ્વિનભાઈ દવે દ્વારા કરવામાં આવ્યું હતું.


# પારસમણિ ફાઉન્ડેશન દ્વારા "એન્જોય યોર એક્ઝામ"




ગાંધીનગર, તા. ૬

પારસમણી ફાઉન્ડેશન દ્વારા સૅક્ટર-૮માં સ્થિત આદર્શ નિવાસી શાળાના ૨૫૦ વિદ્યાર્થીઓ માટે પરીક્ષા દરમિયાન ટૅન્શનથી કેવી રીતે દૂર રહેવાય એ વિષયે સૅમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. સુરતથી આવેલાં પ્રિયંકા જૈન રાવલે 'એન્જોય યૉર એક્ઝામ' વિષયે વિદ્યાર્થીઓને મહત્ત્વની ટીપ્સ આપી હતી. પારસમણી ફાઉન્ડેશનના અધ્યક્ષ સંજય થોરાતે વક્તાનું પુસ્તકથી સ્વાગત કર્યું હતું અને વિદ્યાર્થીઓને મહાભારતનો પ્રસંગ ટાંકીને પ્રેરણાત્મક વાર્તા કહી હતી. પ્રિયંકા રાવલે એક કલાક સુધી વિદ્યાર્થીઓને સહજ-સરળ રીતે પરીક્ષાનું ટૅન્શન દૂર કરી પરીક્ષા એન્જોય કરવા માટે અભિપ્રેરીત કર્યા હતા. આદર્શ નિવાસી કુમાર શાળાના આચાર્ય જી કે સોલંકી અને કન્યા શાળાનાં આચાર્ય જ્યોતિકા રાવલે આ કાર્યક્રમનું આયોજન કરી વિદ્યાર્થીઓને છેલ્લી ઘડીની માનસિક મદદ કરી હતી. આભાર દર્શન શિક્ષક અમીતાબેન દ્વારા કરવામાં આવ્યું હતું.

# "નરેન્દ્ર મોદી સફળ કોમ્યુનિકેટર" પુસ્તકનું મુખ્યમંત્રીના હસ્તે વિમોચન



ગાંધીનગર, તા. ૬

મુખ્યમંત્રી કાર્યાલયમાં કાર્યરત પાર્થ પટેલ દ્વારા લિખિત પુસ્તક 'નરેન્દ્ર મોદી સફળ કોમ્યુનિકેટર'નું મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના હસ્તે વિમોચન કરવામાં આવ્યુ હતું. મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે આપણા લોકલાડીલા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના વિઝન-મિશન અને સ્ટ્રેટેજીને સાંકળતી તેમને કોમ્યુનિકેશન કુશળતા માટે સમગ્ર વિશ્વમાંથી સન્માન મળી રહ્યું છે. આ પુસ્તક જાહેર જીવન સાથે જોડાયેલ પ્રત્યેકને રાષ્ટ્રભક્તિની પ્રેરણારૂપ બનશે. તેમણે વધુમાં ઉમેર્યું હતું કે 'નરેન્દ્ર મોદી સફળ કોમ્યુનિકેટર' પુસ્તક માસ કોમ્યુનિકેશનના વિદ્યાર્થીઓ અને સંશોધન ક્ષેત્રના અભ્યાસઓને મદદરૂપ બનશે. તેમણે પાર્થ પટેલના પ્રથમ પ્રકાશન પ્રસંગે અભિનંદન આપી શુભકામનો પાઠવી હતી. આ પુસ્તકમાં નરેન્દ્રભાઈની કોમ્યુનિકેશન કુશળતાના વિવિધ આયામોની ચર્ચા કરવામાં આવી છે.

# બીબીએ કોલેજ દ્વારા પ્લેસમેન્ટ અને ઈન્ટર્નશીપ ડ્રાઈવ યોજાઈ




ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર સ્થિત કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન બીપી.કૉલેજ ઓફ બિઝનેસ ઍડમિનીસ્ટ્રેશન બીબીએના તૃતીય વર્ષના વિદ્યાર્થીઓ માટે ફાઈનલ પ્લેસમેન્ટ તેમજ દ્વિતીય વર્ષના વિદ્યાર્થીઓ માટે ઈન્ટર્નશીપ પ્લેસમેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ડ્રાઈવમાં ગાંધીનગર સ્થિત સર્કીટ સીસ્ટમ ઈન્ડિયા લીમીટેડ તેમજ અમદાવાદ સ્થિત ઈવોક- એચ.આર. કંપનીઓ હાજર રહી હતી. કંપની દ્વારા ૬,૫૦૦નાં સ્ટાઈપેન્ડ સાથે વિદ્યાર્થીઓની પસંદગી કરવામાં આવી હતી. જોબ માટે પસંદ થયેલ વિદ્યાર્થીઓ માટે પગાર તેમજ અન્ય ભથ્થાં મળીને ૧૯,૦૦૦ રૂપિયા માસિક રકમ નિયત કરવામાં આવી હતી. બંને હેતુ માટે કુલ ૨૮ વિદ્યાર્થીઓના ઈંટરવ્યૂ લેવાયા જેમાંથી ૧૫ની પસંદગી કરવામાં આવી હતી.

કૉલેજ તરફથી કાર્યક્રમને સફળ બનાવવા આચાર્ય ડૉ.રમાકાન્ત પ્રુસ્ટી, ટ્રેનિંગ અને પ્લેસમેંટ કમિટીના હેડ ડૉ. જયેશ જે. તન્ના, પ્રો. આશિષ ભુવા દ્વારા જહેમત ઉઠાવવામાં આવી હતી.

# જન્મદિને વધામણી



સિધ્ધાર્થ રાજેન્દ્ર વાળા
મો. ૯૯૦૯૯ ૯૫૪૨૨



ધૈર્ય નિકેશ બ્રહ્મભટ્ટ
મો. ૯૯૧૩૦ ૯૮૬૨૦



વિવેક મહેશકુમાર પરમાર



વિનય મહેશકુમાર પરમાર

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક



કાવ્યા ભરતભાઈ ગાંગાણી

# મારી અહિંસાની કસોટી

ખેડાનું પ્રકરણ ચાલતું હતું તે વખતે યુરોપનું મહાયુદ્ધ પણ ચાલતું જ હતું. તેને અંગે વાઈસરોયે દિલ્હીમાં આગેવાનોને નોતર્યા હતા. તેમાં હાજર રહેવાનો મને આગ્રહ કર્યો હતો. લોર્ડ ચેમ્સફર્ડની સાથે મારો મૈત્રીનો સંબંધ હતો એ હું જણાવી ગયો છું.

મેં આમંત્રણ કબૂલ રાખ્યું ને હું દિલ્હી ગયો. પણ આ સભામાં ભાગ લેવામાં મને એક સંકોચ તો હતો જ. મુખ્ય કારણ તો એ કે તેમાં અલીભાઈઓ, લોકમાન્ય અને બીજા નેતાઓને નોતરવામાં આવ્યા નહોતા. તે વેળા અલીભાઈઓ જેલમાં હતા. તેમને હું એકબે વાર જ મળ્યો હતો. તેમને વિષે ઘણું સાંભળ્યું હતું. તેમની સેવાવૃતિ અને તેમની બહાદુરીની સ્તુતિ સહુ કરતા હતા. હકીમસાહેબના પ્રસંગમાં પણ હું નહોતો આવ્યો. તેમનાં વખાણ સ્વ. આચાર્ય રુદ્ર અને દીનબંધુ એન્ડ્રુઝને મોઢેથી બહુ સાંભળ્યાં હતાં. કલકત્તાની મુસ્લિમ લીગની બેઠક વખતે શ્વેબ કુરેશી અને બારિસ્ટર ખ્વાજાની મુલાકાત કરી હતી. દા. અનસારી તથા દા. અબદુર રહેમાનની સાથે પણ સંબંધ બંધાઈ ચૂક્યો હતો. સારા મુસલમાનોની સોબત હું શોધતો હતો, ને જે પવિત્ર અને દેશભક્ત ગણાય તેમના સંબંધમાં આવી તેમની લાગણી જાણવાની મને તીવ્ર ઈચ્છા હતી. તેથી મને તેઓ તેમના સમાજમાં જ્યાં લઈ જાય ત્યાં કંઈ ખેંચતાણ કરાવ્યા વિના જતો.


હિંદુમુસલમાન વચ્ચે ખરી મિત્રાચારી નથી એ તો હું દક્ષિણ આફ્રિકામાં જ સમજી ગયો હતો. બંને વચ્ચેની ખટાશ મટે તેવો એક પણ ઉપાય હું ત્યાં જતો ન કરતો. ખોટી ખુશામત કરી કે સ્વત્વ ગુમાવી તેમને કે કોઈને રીઝવવા એ મારા સ્વભાવમાં નહોતું. પણ ત્યાંથી જ હું સમજતો આવ્યો હતો કે, મારી અહિંસાની કસોટી ને તેનો વિશાળ પ્રયોગ આ ઐક્યને અંગે થવાનાં છે. હજુ પણ મારો એ અભિપ્રાય કાયમ છે. મારી કસોટી ઈશ્વર પ્રતિક્ષણ કરી રહેલ છે. મારો પ્રયોગ ચાલુ જ છે.

આવા વિચારો લઈને હું મુંબઈ બંદરે ઊતર્યો હ્તો, એટલે મને મજકૂર ભાઈઓનો મેળાપ ગમ્યો. અમારો સ્નેહ વધતો ગયો. અમારી ઓળખાણ થયા પછી તુરત અલીભાઈઓને તો સરકારે જીવતા દફન કર્યા હતા. મૌલાના મહમદાલીને રજા મળતી ત્યારે એ મને લાંબા કાગળ બેતુલ જેલથી કે છિંદવાડાથી લખતા. તેમને મળવા જવાની મેં સરકાર પાસે માગણી કરેલી તે ન મળી શકી.

અલીભાઈઓને જપ્ત કર્યા પછી કલકત્તા મુસ્લિમ લીગની સભામાં મને મુસલમાન ભાઈઓ લઈ ગયા હતા. ત્યાં મને બોલવાનું કહેલું. હું બોલ્યો. અલીભાઈઓને છોડાવવાનો મુસલમાનોનો ધર્મ સમજાવ્યો.

ગાંધીયાત્રા

આ પછી તેઓ મને અલીગઢ કોલેજમાં પણ લઈ ગયા હતા. ત્યાં મેં દેશને સારુ ફકીરી લેવા મુસલમાનોને નોતર્યા. અલીભાઈઓને છોડાવવાને સારુ મેં સરકારની સાથે પત્રવ્યવહાર ચલાવ્યો. તેને અંગે એ ભાઈઓની ખિલાફત વિષેની પ્રવૃત્તિનો અભ્યાસ કર્યો. મુસલમાનો જોડે ચર્ચા કરી. મને લાગ્યું કે, જો હું મુસલમાનોનો સાચો મિત્ર થવા માગું તો મારે અલીભાઈઓને છોડાવવામાં ને ખિલાફતનો પ્રશ્ન ન્યાયપુરઃસર ઉકેલાય તેમાં પૂરી મદદ દેવી જોઈએ. ખિલાફતનો પ્રશ્ન મારે સારુ સહેલો હતો. તેના સ્વતંત્ર ગુણદોષ મારે જોવાપણું નહોતું. મુસલમાનોની તેને વિષેની માગણી જો નીતિ વિરુદ્ધ ન હોય તો મારે મદદ દેવી જોઈએ એમ મને લાગ્યું. ધર્મના પ્રશ્નમાં શ્રદ્ધા સર્વોપરી હોય છે. સૌની શ્રદ્ધા એક જ વસ્તુને વિષે એકસરખી હોય તો જગતમાં એક જ ધર્મ હોય. ખિલાફત વિષેની માગણી મને નીતિ વિરુદ્ધ ન જણાઈ, એટલું જ નએઍં પણ, એ ક માગણીનો સ્વીકાર બ્રિટિશ પ્રધાન લૉઈડ જ્યૉર્જે કર્યો હતો, એટલે મારે તો તેમના વચનનું પાલન કરાવવા પૂરતો જ પ્રયત્ન કરવાનું રહ્યું હતું. (ક્રમશઃ)



'સત્યના પ્રયોગો'માંથી સાભાર